અગ્રતા ક્રમ નં : ૧૦

પ્રશ્ન ક્રમાંક : ૩૨૮

મુળ પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)

વિષય : ખેરા ગામે દરિયાઈ પાણીથી થતું નુકસાન અટકાવવા દીવાલની મંજૂરી.

## પુરક નોંધ

અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકાઓ દરિયાઇ પટ્ટી ધરાવે છે. આ તાલુકાઓમાં દરિયાના પાણીથી ધોવાણ અટકાવવા સંરક્ષણ દીવાલ બનાવવાની જરૂરીયાત ધ્યાને લેવામાં આવેલ. જેનાથી રાજુલા તાલુકાના ખેરા ગામને ૬૩૦ મીટર લંબાઈમાં અને ખેરા ગામના અંદાજે ૧૫૦ જેટલા રહેણાંક મકાનોને દરિયાઈ ધોવાણ સામે રક્ષણ મળશે. આ યોજનામાંથી રાજુલા તાલુકાના ખેરા ગામની અંદાજીત ૩૦ હેક્ટર જમીન અને અંદાજે ૧૫૦ જેટલા ઘરોને દરિયાઈ ધોવાણ સામે રક્ષણ મળશે.

જે અન્વયે વર્ષ ૨૦૧૧માં Central Water and Power Research Station, Pune (CWPRS) દ્વારા સ્થળ વિઝીટ કરી વર્ષ ૨૦૧૬માં આ કામ કરવા અંગે ૨ (બે) વિકલ્પ સાથે આલેખન અને નક્શા આપવામાં આવેલ. જે પૈકી વિકલ્પ-૧ મુજબ આર્મર લેયર તરીકે સ્ટોન લઇ વિગતવાર અંદાજ બનાવવામાં આવેલ આ કામગીરીના રૂ.૪૮૪.૨૯ લાખના અંદાજોને મંજુરી આપવામાં આવેલ.

પરંતુ સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે Central Water and Power Research Station, Pune (CWPRS) દ્વારા સુચવેલ વિકલ્પો પૈકી, વિકલ્પ-૨ આર્મર લેયર તરીકે ટેટ્રાપોડસ કે જેમાં મુખ્યત્વે ૧૦ થી ૬૦૦ કિલોગ્રામ વજનના રબલ સ્ટોન પર આર્મર લેયર તરીકે ૧ ટન વજનના કોન્ક્રીટ ટેટ્રાપોડ્સને ઇન્ટરલોકીંગની અદ્યતન પધ્ધતિથી કામ હાથ ધરવાનું નક્કી કરેલ. જેની અંદાજીત રકમ રૂ.૮૧૧.૯૯ લાખની મંજુરી આપવામાં આવેલ છે.

આ કામનું ટેન્ડર સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૧ થી અંદાજીત રકમ રૂ. ૭,૮૮,૩૪,૧૯૫.૬૫ થી ૨૩.૧૭ % નીચા એટલે કે રૂ.૬૦૫.૬૨ લાખનું મેસર્સ મેહુલ જીઓ પ્રોજેક્ટ્સ, વડોદરાનું મંજુર કરવામાં આવેલ છે. જે પૂર્ણ કરવાની સમયમર્યાદા ૨૪ માસ

સુધીની છે. આ કામની ભૌતિક પ્રગતિ ૧૦૦% પૂર્ણ થયેલ છે તેમજ નાણાંકીય પ્રગતિ (રૂ.૫૬૪ લાખ) ૯૩ % જેટલી થયેલ છે. તેમજ સદર કામગીરી હાલમાં ભૌતિક પૂર્ણ થયેલ છે.

વધુમાં રાજુલા તાલુકાના દરિયાઈ પટ્ટીના ગામોમાં દરિયાઈ ધોવાણની સમસ્યાના કારણે ગામની ખેતીની જમીનો તેમજ રહેણાંકના મકાનોને નુકસાન ન થાય તેમજ આ વિસ્તારના ગામો દરિયામાં ગરકાવ ન થાય તેમજ સ્થાનિક નાગરિકોને અન્યત્ર હિજરત ન કરવી પડે તેવી લોકમાંગણીને ધ્યાને લઇ રાજુલા તાલુકાના ખેરા ગામમાં 'ખેરા ફેઝ-૨' ની દરિયાઈ સરક્ષણની કામગીરી માટે સરકારશ્રીના તા.૦૬/૧૧/૨૦૨૩થી રૂ.૨૨ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. આ કામની લંબાઈ ૧૬૮૦ મીટર છે. આ કામથી અંદાજે ૬૦ હેકટર ખેતીની જમીન અને અંદાજે ૨૦૦ રહેણાક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે.

વધુમાં, રાજુલા તાલુકાના ચાંચ ગામની રજૂઆતને ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા ચાંચ ગામમાં દરિયાઈ સરક્ષણની કામગીરી માટે સરકારશ્રીના તા.૦૭/૧૧/૨૦૨૩ થી રૂ.૫૬.૬૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ કામની લંબાઈ ૩૮૭૦ મીટર છે. આ કામથી અંદાજે ૧૫૦ હેકટર ખેતીની જમીન અને અંદાજે ૬૦૦ રહેણાક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે.

<u>પૂરક પ્રશ્નો</u>

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | આ યોજના થી રાજુલા તાલુકાના ખેરા ની કેટલી ખેતીની જમીનને દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે? | આ યોજનામાંથી રાજુલા તાલુકાના ખેરા ગામની અંદાજીત 30 હેક્ટર ખેતીની જમીનને દરિયાઈ ધોવાણ સામે રક્ષણ મળશે. |
| ૨ | આ યોજના થી રાજુલા તાલુકાના ખેરા ગામના કેટલા રહેણાંક મકાનોને દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે? | આ યોજનામાંથી રાજુલા તાલુકાના ખેરા ગામના અંદાજે ૧૫૦ જેટલા રહેણાંક મકાનોને દરિયાઈ ધોવાણ સામે રક્ષણ મળશે. |
| 3 | આ યોજના થી રાજુલા તાલુકાના ખેરા ગામને કેટલી લંબાઈ માં દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે? | આ યોજનાથી રાજુલા તાલુકાના ખેરા ગામને ૬30 મીટર લંબાઈમાં દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે. |
| ૪ | આ યોજના થી રાજુલા તાલુકાના ખેરા ગામને કેટલી ઊંચાઈ માં દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે? | આ યોજના થી રાજુલા તાલુકાના ખેરા ગામને દરિયાઈ સપાટીથી અંદાજે ૭ મીટરની ઊંચાઈ માં દરિયાઈ ધોવાણથી રક્ષણ મળશે. |
| ૫ | આ યોજનાની કામગીરી માં રાજુલા તાલુકાના ખેરા ગામને દરિયાઈ ધોવાણ થી રક્ષણ આપવા કઈ પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવનાર છે. | આ યોજનાની કામગીરીમાં Central Water and Power Research Station, Pune (CWPRS) દ્વારા આપેલ ડીઝાઈન મુજબ મુખ્યત્વે ૧૦ થી ૬૦૦ કિલોગ્રામ વજનના રબલ સ્ટોન પર આર્મર લેયર તરીકે ૧ ટન વજનના કોન્ક્રીટ ટેટ્રાપોડ્સને ઇન્ટરલોકીંગ કરવામાં આવેલ છે. |
| ૬ | રાજુલા તાલુકાના ખેરા ગામની દરિયાઈ સીમામાં હવે આવા સમાન પ્રકારના દરિયાઈ ધોવાણને લગત | રાજુલા તાલુકાના ખેરા ગામની દરિયાઈ સીમામાં દરિયાઈ ધોવણ અટકાવવા માટે ખેરા ફેજ-૨ ની કામગીરી કરવાની રજૂઆત હોઈ સરકારશ્રી દ્વારા ખેરા ફેજ-૨ના ૧૬૮૦ |

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| | કામો કરવા કોઈ માંગણી છે કે કેમ ? | મીટરની લંબાઈના કામ માટે રૂ.૨૨ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. |
| ૭ | રાજુલા તાલુકાના ખેરા ગામમાં સૂચિત ખેરા ફેઝ-૨ના કામથી કેટલી ખેતીની જમીન અને કેટલા રહેણાક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે ? | રાજુલા તાલુકાના ખેરા ગામમાં સૂચિત ખેરા ફેઝ-૨ ના કામથી અંદાજે ૬૦ હેકટર ખેતીની જમીન અને અંદાજે ૨૦૦ રહેણાક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ માળે તેમ છે. |
| ૮ | રાજુલા તાલુકામાં દરિયાઈ ધોવણથી થતા નુકસાનને અટકાવવા દરિયાઈ ધોવણથી રક્ષણ અંગેના અન્ય કામો કરવા આગામી સમયમાં શું આયોજન છે? | રાજુલા તાલુકામાં દરિયાઈ ધોવણથી થતા નુકસાનને અટકાવવા દરિયાઈ ધોવણથી રક્ષણ અંગેની ચાંચ ગામની રજૂઆત ને ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા ૩૮૭૦ મીટરની લંબાઈના કામ માટે રૂ.૫૬.૬૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| ૯ | રાજુલા તાલુકાના ચાંચ ગામમાં સૂચિત દરિયાઈ સરક્ષણના કામથી કેટલી ખેતીની જમીન અને કેટલા રહેણાંક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે? | રાજુલા તાલુકાના ચાંચ ગામમાં સૂચિત દરિયાઈ સરક્ષણ ના કામથી અંદાજે ૧૫૦ હેકટર ખેતીની જમીન અને ૬૦૦ રહેણાંક મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે. |
| ૧૦ | રાજુલા તાલુકામાં દરિયાઈ સરક્ષણના કામો કરવાથી કેવા પ્રકારના ફાયદાઓ થાય છે ? | રાજુલા તાલુકાના દરિયાઈ પટ્ટીના ગામોમાં દરિયાઈ સરક્ષણના કામો કરવાથી ગામો ની કિંમતી ખેતીની જમીનો તેમજ રહેણાંકના મકાનોને થતું નુકસાન અટકાવી શકાય છે, તેમજ સ્થાનિક નાગરિકોને અન્યત્ર હિજરત કરવાના પ્રશ્નોનું નિવારણ કરી શકાય છે. |